‘બેસ્ટ ઓફ ટુ’થી ધો. 10ની ગુણવત્તામાં સુધારો

રાજ્યમાં નર્મદા પ્રથમ સાથે, દક્ષિણ ગુજરાતનો મજબૂત દેખાવ

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા જાહેર કરાયેલા ધોરણ-10 (SSC)ના પરિણામમાં આ વર્ષે રાજ્યએ 83.86 ટકા સાથે સ્થિરતા જાળવી રાખતાં ગુણવત્તામાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. ગત વર્ષના 83.08 ટકા સામે આ વર્ષે 0.78 ટકાનો વધારો નોંધાયો છે. જોકે, આ પરિણામની સૌથી મોટી વિશેષતા ‘ઇમ્પ્રુવમેન્ટ પરીક્ષા’અને ‘બેસ્ટ ઓફ ટુ’સિસ્ટમનો અમલ છે, જેના કારણે વિદ્યાર્થીઓને એક જ વર્ષમાં બે તક મળશે. બોર્ડના આ નિર્ણય મુજબ, વિદ્યાર્થી ઇચ્છે તો ફરી પરીક્ષા આપી શકે છે અને બંને પ્રયાસોમાંથી શ્રેષ્ઠ પરિણામને અંતિમ માન્યતા આપવામાં આવશે. શિક્ષણવિદોના મત મુજબ આ પગલું વિદ્યાર્થીઓ પરનો માનસિક દબાણ ઘટાડશે અને સ્પર્ધાત્મકતા વધારશે. ધોરણ-10નું પરિણામ માત્ર ટકાવારીનો આંકડો નહીં પરંતુ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા અને નવી નીતિઓ તરફના પરિવર્તનનું પ્રતિબિંબ છે. ‘બેસ્ટ ઓફ ટુ’સિસ્ટમ વિદ્યાર્થીઓને વધુ તક આપીને તેમના ભવિષ્યને વધુ મજબૂત બનાવશે. જિલ્લાવાર પરિણામમાં નર્મદા જિલ્લો 90.85 ટકા સાથે રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યો છે, જ્યારે પંચમહાલ જિલ્લો 76.42 ટકા સાથે અંતિમ સ્થાને રહ્યો છે. નોંધનીય છે કે આદિવાસી બહુલ નર્મદા જિલ્લાનું આ પ્રદર્શન રાજ્ય માટે પ્રેરણાદાયક માનવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓએ સમૂહમાં સારો દેખાવ કર્યો છે. સુરત જિલ્લો 86.04 ટકા સાથે વિસ્તારના શીર્ષ સ્થાને રહ્યો છે. નવસારી (84.61%), ભરૂચ (84.15%) અને ડાંગ (88.17%) જિલ્લાઓએ પણ નોંધપાત્ર પરિણામ નોંધાવ્યું છે.

A1 ગ્રેડમાં 26%નો ઉછાળો

આ વર્ષે કુલ 7,56,392 નિયમિત વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી 6,34,327 વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામના વિશ્લેષણમાં જોવા મળે છે કે A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ગત વર્ષે 28,055 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો હતો, જ્યારે આ વર્ષે આ આંકડો વધીને 35,508 થયો છે, એટલે કે આશરે 26 ટકાનો વધારો નોંધાયો છે. A2 ગ્રેડમાં પણ વધારો નોંધાયો છે, જે વિદ્યાર્થીઓમાં વધતી સ્પર્ધાત્મકતા દર્શાવે છે.

શાળાઓનું પ્રદર્શન સુધર્યું

રાજ્યની શાળાઓના પરિણામમાં પણ સુધારો નોંધાયો છે. આ વર્ષે 1,697 શાળાઓએ 100 ટકા પરિણામ નોંધાવ્યું છે, જે ગત વર્ષના 1,574 કરતાં વધુ છે. ઝીરો પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા 45થી ઘટીને 39 થઈ છે, જ્યારે 30 ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓમાં પણ ઘટાડો નોંધાયો છે.

રીપીટર અને ઓપન સ્કૂલમાં સુધારો

રીપીટર વિદ્યાર્થીઓનું પરિણામ 33.53 ટકા રહ્યું છે, જે ગત વર્ષ કરતાં વધારે છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ના વિદ્યાર્થીઓનું પરિણામ પણ વધીને 28.22 ટકા નોંધાયું છે.

સુરત શહેર-જિલ્લામાં ટોપ 10 માં 100 થી વધારે વિદ્યાર્થીઓ

રેન્ક	વિદ્યાર્થીનું નામ	સ્કૂલનું નામ	કુલ ગુણ
1	યશ પીપળીયા	પેરામાઉન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ	593
2	દિયા પટેલ	વસિષ્ઠ વિદ્યાલય	592
2	ભવ્યકુમાર ઘોઘારી	ગજેરા વિદ્યાભવન	592
2	દિવ્યા મકવાણા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	592
3	પાર્થ માંગુકિયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	591
3	શ્રુતિ હીરાપરા	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	591
3	જયદીપ કટારીયા	જ્ઞાનજ્યોત વિદ્યાલય	591
4	રુદ્ર વોરા	શારદાયતન હાઈસ્કૂલ	590
4	જાનવીબેન પટેલ	શારદાયતન હાઈસ્કૂલ	590
4	સૌમ્યા શેલડીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	590
4	દર્શ સુરાણી	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	590
4	દર્પણ વેકરીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	590
4	ભવ્ય રેતીવાલા	નોબલ પબ્લિક સ્કૂલ	590
5	તીર્થ રાંચ	એમ.એમ.પી. હાઈસ્કૂલ	589
5	કનિષ્કા પટેલ	વસિષ્ઠ વિદ્યાલય	589
5	ધૈર્ય પટેલ	ભુલકા ભવન (V.D. દેસાઈ)	589
5	ક્રિશા પાનસુરીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	589
5	ફેની માંડણી	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	589
5	જીયા લાઠીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	589
5	રોશની કળસરીયા	એલ.પી.ડી. પટેલ (LPD)	589
6	ક્રિમીબેન સુતરીયા	સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ	588
6	ધ્રુવ માલાણી	તપોવન માધ્યમિક સ્કૂલ	588
6	ઝેની બાંભરોલીયા	મૌની ઇન્ટરનેશનલ સ્કૂલ	588
6	રાહી કાકડીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	588
6	લિઝા પાર્લીકર	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	588
6	ઓમ માંગુકિયા	એલ.પી. સવાણી વિદ્યાભવન	588
6	ધ્યાનમ દેસાઇ	ભુલકા ભવન (V.D. દેસાઇ)	588
6	ઉર્મિ સાકરીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	588
7	ઉર્વી મિસ્ત્રી	સ્વામિનારાયણ સ્કૂલ	587
7	વિશ્વ પટેલ	પંચશીલ સેકન્ડરી સ્કૂલ	587
7	યશ્વી ડોંગા	પી.પી. સવાણી વિદ્યાભવન	587
7	જય ડોબરીયા	-	587
7	કાવ્યા બોઘાણી	સંસ્કારદીપ વિદ્યા સંકુલ	587
7	ધર્મી ઠુમ્મર	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	587
7	દેવાંશી નકરાણી	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	587
7	હેસ્તી ભાટીયા	મૌની ઇન્ટરનેશનલ સ્કૂલ	587
7	શ્લોક રોય	શ્રી ગઢપુર વિદ્યાલય	587
7	ક્રીના રામાણી	જે.બી. એન્ડ કાર્પ	587
7	હીર ડોબરીયા	-	587
7	ઓમ છૂંછા	શિશુ વિહાર	587
7	મંથન તરસારીયા	એન.વી. ધામણવાલા સ્કૂલ	587
7	દિયા દેસાઈ	ભુલકા વિહાર	587
7	વિશા પટેલ	ભુલકા ભવન	587
7	દેવાંશકુમાર પટેલ	ભુલકા ભવન	587
7	ભાર્ગવ કુકાડીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	587
7	પ્રીત હીરપરા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	587
7	ધ્યાની સરધારા	સદવિદ્યા હાઈસ્કૂલ	587
8	આયુષીબેન પટેલ	વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ	586
8	ઈશાબેન ચોવટીયા	કૌશલ વિદ્યાભવન	586
8	રિયા ડુંગરાણી	પી.પી. સવાણી ચૈતન્ય	586
8	હીર આંગણ	તપોવન માધ્યમિક સ્કૂલ	586
8	ખુશી ભાલિયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	586
8	બંસી કથીરીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	586
8	સિદ્ધ બોરડા	સંસ્કારદીપ વિદ્યા સંકુલ	586
8	તેજસ મોતીસારીયા	મૌની ઇન્ટરનેશનલ સ્કૂલ	586
8	એશ્વી સરખેલીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	586
8	વૈભવી વટાલીયા	ગજેરા વિદ્યાભવન	586
8	વંશ પાઘડાળ	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	586
8	પ્રિન્સ ડોમાડીયા	ભક્તિ ઇન્ટરનેશનલ સ્કૂલ	586
8	મીત માંગુકિયા	અક્ષર જ્યોતિ	586
8	પ્રિયાંશી દોશી	સંસ્કાર ભારતી	586
8	દીક્ષા પટેલ	ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ	586
8	દીવા સોનાણી	BAPS સ્વામિનારાયણ	586
8	ખુશી પટેલ	ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ	586

સુરત શહેર-જિલ્લામાં ટોપ 10 માં 100 થી વધારે વિદ્યાર્થીઓ

રેન્ક	વિદ્યાર્થીનું નામ	સ્કૂલનું નામ	કુલ ગુણ
8	વીરકુમાર મોદી	શ્રી સરસ્વતી વિદ્યાલય	586
8	દર્શ ચોડવડીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	586
8	કૃશાબેન અગ્રાવત	સુમન હાઈસ્કૂલ નં-૨	586
8	લાલુ હડીયા	એલ.પી.ડી. પટેલ (LPD)	586
8	નિલયકુમાર પટેલ	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	586
8	વૈષ્ણવી અસોદરીયા	સુમન હાઈસ્કૂલ નં-૮	586
8	સાક્ષી દુધાત્રા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	586
8	તૃષા કળસરીયા	એલ.પી.ડી. પટેલ (LPD)	586
8	ભવ્ય સાવલીયા	એલ.પી.ડી. પટેલ (LPD)	586
8	વૈભવી નકુમ	જ્ઞાનદીપ વિદ્યાલય	586
9	પંક્તિ સોલંકી	પંચશીલ સેકન્ડરી સ્કૂલ	585
9	ધ્રુવી પટેલ	જીવનભારતી	585
9	વેદ ચોડવડીયા	તપોવન માધ્યમિક સ્કૂલ	585
9	ઝેનિશા માંગુકિયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	585
9	ક્રિશા ડાલિયા	-	585
9	લક્ષ અખીયાણીયા	રત્નસાગર વિદ્યાલય	585
9	સોહમ કુંભાણી	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	585
9	શ્લોક ઉકાણી	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	585
9	બંસી ભંડેરી	જે.બી. એન્ડ કાર્પ	585
9	વિદ્યા દિહોરા	અક્ષર જ્યોતિ	585
9	વૃષ્ટિ પટેલ	શ્રી શારદા વિદ્યામંદિર	585
9	આરુષિ રાણા	એસ.વી.ડી.ટી. ગર્લ્સ	585
9	ક્રિશા પટેલ	ભુલકા વિહાર	585
9	હીર પટેલ	-	585
9	સિયા ગજ્જર	-	585
9	હાર્દિક માસ્ટર	ઉમરીગર સ્કૂલ	585
9	સિયા ગોસ્વામી	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	585
9	ફોરમ હીરપરા	-	585
9	સંસ્કાર ધાનકેચા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	585
9	શેલ્વી વેકરીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	585
9	નૈતિક ધાકડ	સુમન હાઈસ્કૂલ નં-૮	585
9	પ્રિન્સ નકુમ	બલ પબ્લિક સ્કૂલ	585
9	હર્વી ઠુમ્મર	સુમન હાઈસ્કૂલ નં-૮	585
9	નેત્રાબેન દેસાઈ	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	585
10	તીર્થ પટેલ	-	584
10	એનીકુમારી પટેલ	એમ.એમ.પી. હાઈસ્કૂલ	584
10	ત્વિષા કોઠારી	પંચશીલ સેકન્ડરી સ્કૂલ	584
10	શિવમ ધોળા	કૌશલ વિદ્યાભવન	584
10	હીર ડાયોરા	તપોવન માધ્યમિક સ્કૂલ	584
10	વૈદેહી મેંદપરા	-	584
10	હેની ચૌહાણ	એમ.આઈ. હાઈસ્કૂલ	584
10	પ્રિયાંશ નરોલા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	584
10	ભવ્ય ભંડેરી	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	584
10	તનુશ્રી સિંહ	જે.વી. મોર્ડન	584
10	રુદ્ર સવાણી	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	584
10	લક્ષકુમાર સવાણી	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	584
10	નીલ ધોળા	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	584
10	તમન્ના કેવડીયા	જે.બી. ડાયમંડ વિદ્યા સંકુલ	584
10	ત્રિશા કુંભાણી	જે.બી. એન્ડ કાર્પ	584
10	આર્ય પટેલ	દીપ દર્શન સેકન્ડરી સ્કૂલ	584
10	રાહી ધોળકિયા	વી.એન. ગોધાણી	584
10	દીપ જાજડીયા	સ્વામિનારાયણ ગુરુકુલ	584
10	ક્રિશા ગાલેદર	એસ.વી.ડી.ટી. ગર્લ્સ	584
10	સ્પર્શ ઝાંઝરૂકિયા	-	584
10	યશ ચૌધરી	સેન્ટ ઝેવિયર્સ	584
10	ધ્વની દવે	લૌર્ડસ કોન્વેન્ટ	584
10	ક્રિશા સુવાગીયા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	584
10	કૃશલ ગોયાણી	સિવિલાઇઝ સ્કૂલ	584
10	કાવ્ય ધોળા	આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સ	584
10	કાવ્ય વાણીયા	સુમન હાઈસ્કૂલ નં-૮	584
10	ભવ્ય પાડશાળા	અક્ષરદીપ હાઈસ્કૂલ	584
10	અક્ષય હડીયા	એલ.પી.ડી. પટેલ (LPD)	584
10	જય વાઘેલા	એલ.પી.ડી. પટેલ (LPD)	584
10	ખુશાલ કાછડ	જ્ઞાનજ્યોત વિદ્યાલય	584

સુરત જિલ્લામાં ટોપ-10માં આશાદીપના 31 વિદ્યાર્થીનો દબદબો

દિવ્યા મકવાણા પ્રથમ ક્રમે, બીજા 562 વિદ્યાર્થીની A1 ગ્રેડ સાથે ઐતિહાસિક સિદ્ધિ

સુરતઃ માર્ચ-2026ની ધો.10ની પરીક્ષાનાં જાહેર થયેલાં પરિણામોમાં આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સે ફરી એકવાર ગુજરાતભરમાં શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવી શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈ સર કરી છે. સમગ્ર રાજ્યમાં સર્વાધિક 562 A1 ગ્રેડ મેળવતાં આશાદીપે અનોખો રેકોર્ડ સ્થાપ્યો છે.

વિશેષ ગૌરવની વાત એ છે કે, સુરત જિલ્લામાં પણ આશાદીપના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરતાં ટોપ-10માં કુલ 31 વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. પરિણામોમાં દિવ્યા મકવાણાએ 600માંથી 592 ગુણ મેળવી 99.99 પર્સન્ટાઈલ રેન્ક તથા 98.67 ટકા સાથે શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પાર્થ માંગુકિયાએ 591 ગુણ, 99.99 પીઆર અને 98.50 ટકા સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. જ્યારે સૌમ્ય શેલડિયા, દર્શ સુરાણી અને દર્પણ વેકરિયાએ 590 ગુણ, 99.99 પીઆર અને 98.33 ટકા સાથે સંયુક્ત રીતે તૃતીય સ્થાન હાંસલ કર્યું છે. આ ભવ્ય સફળતા પાછળ વિદ્યાર્થીઓની અવિરત મહેનત, માતા-પિતાનો અવિચળ વિશ્વાસ અને શિક્ષકોના ગુણવત્તાસભર માર્ગદર્શનનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેલું છે. સંસ્થાએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે પરીક્ષાકીય તૈયારીમાં આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઉત્તમ પરિણામો હાંસલ કર્યાં છે.

ગુજરાતમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમમાં કનિષ્કા પટેલ પ્રથમ સ્થાને

સુરતઃ ધોરણ 10 બોર્ડ પરિણામમાં શ્રી વસિષ્ઠ વિદ્યાલયની વિદ્યાર્થીની પટેલ કનિષ્કા મેહુલકુમારે ગ્લોબલ ગુજરાતી માધ્યમમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ મેળવી ગૌરવ વધાર્યું છે. કનિષ્કાએ 600માંથી 589 માર્ક્સ મેળવી 99.98 પર્સેન્ટાઈલ હાંસલ કર્યો છે. તેણે સાયન્સમાં 100માંથી 100 અને ગણિતમાં 99 માર્ક્સ મેળવી વિશેષ પ્રદર્શન કર્યું છે. પરિવારના સહકાર, શિક્ષકોના માર્ગદર્શન અને સતત મહેનતના આધારે કનિષ્કાએ આ સિદ્ધિ મેળવી છે. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં હોવા છતાં રાજ્યસ્તરે પ્રથમ સ્થાન મેળવી કનિષ્કાએ સાબિત કર્યું છે કે યોગ્ય માર્ગદર્શન અને મહેનતથી કોઈપણ માધ્યમમાં શ્રેષ્ઠતા મેળવી શકાય છે.

ડોક્ટર બનવાનાં સપનાં સાથે સોશિયલ મીડિયાથી તદ્દન દૂર રહી

સુરતઃ જે.બી.એન્ડ કાર્પ વિદ્યા સંકુલમાં 314 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 401 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે. શાળાનું પરિણામ ૯૯.૬૦% રહ્યું છે. હીરપરા શ્રુતિ વિનોદભાઈ - 591/600 માર્કસ મેળવી શાળામાં પ્રથમ, રામાણી ક્રીના શૈલેશભાઈ - 587/600 માર્કસ સાથે બીજો નંબર અને પાઘડાળ વંશ દિલીપભાઈ - 586/600 ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે. હીરપરા શ્રુતિના પપ્પા ફર્નીચરના કારખાનામાં નોકરી કરે છે. શ્રુતિ સુવામાં સમજતી ન હતી, કોઈપણ વિદ્યાર્થી ટાઈમ ટેબલ બનાવી એ મુજબ જો તૈયારી કરે તેનું ચુસ્ત પાને પાલન કરે તો ચોક્કસ સફળતા મેળવી શકે. ચોવીસમાંથી અઢાર કલાક મેહનત કરી મેડિકલ લાઈન લઇ ડોક્ટર બનવાનો ગોલ જોતી હતી. સોશ્યલ મિડીયાથી દુર રહી ગૂગલમાં કે કોઈપણ જગ્યાએ તે મેડિકલમાં કે NEETમાં કેમ તૈયારી કરી ડોક્ટર કેમ બનાય તેજ જોતી હતી.

અંધજન શાળાનું SSC પરિણામ 93.33%, વૃષ્ટિ વેકરીયા પ્રથમ, લેપટોપ પર આપી પરીક્ષા

સુરતઃ અંધજન શાળાનું ધોરણ-10 (SSC) બોર્ડ પરીક્ષાનું પરિણામ 93.33 ટકા નોંધાયું છે. કુલ 15 વિદ્યાર્થીઓમાંથી 14 વિદ્યાર્થી પાસ થયા છે, જ્યારે 1 વિદ્યાર્થી વિજ્ઞાન વિષયમાં નાપાસ રહ્યો છે. પરિણામમાં વૃષ્ટિ વેકરીયા 83.80 ટકા સાથે પ્રથમ ક્રમે રહી છે. તેણે બોર્ડની પરીક્ષા લેપટોપ પર આપી વિશેષ સિદ્ધિ મેળવી છે. જય ટાપણીયા 71.20 ટકા સાથે દ્વિતીય અને દેવ શર્મા 70.60 ટકા સાથે તૃતીય સ્થાને રહ્યા છે.

પ્રેસિડન્સી સ્કૂલનો બોર્ડ પરિણામમાં ઉત્તમ દેખાવ

સુરતઃ સુરતની પ્રેસિડન્સી સ્કૂલે બોર્ડ પરીક્ષાના પરિણામોમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. H.S.C.માં ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં 100% પરિણામ નોંધાયું, જેમાં 5 વિદ્યાર્થીઓએ A1 અને 10 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યા. S.S.C. પરીક્ષામાં ગુજરાતી માધ્યમનું પરિણામ 97.44% રહ્યું, જેમાં 4 વિદ્યાર્થીઓ A1 અને 12 વિદ્યાર્થીઓ A2 ગ્રેડમાં સફળ થયા. જ્યારે અંગ્રેજી માધ્યમમાં 98% પરિણામ સાથે 23 વિદ્યાર્થીઓ A1 અને 32 વિદ્યાર્થીઓ A2 ગ્રેડમાં સ્થાન પામ્યા. ટ્રસ્ટી એન. એમ. કારિયા, હિતેન્દ્રભાઈ ચુડાવાળા અને આચાર્યા દીપિકા શુક્લાએ વિદ્યાર્થીઓ, માતા-પિતા અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા.

સુરત જિલ્લામાં પ્રથમ સાથે શ્રી વસિષ્ઠ વિદ્યાલયનો શાનદાર SSC પરિણામ

સુરતઃ શ્રી વસિષ્ઠ વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં વિશેષ ગૌરવની વાત એ છે કે પટેલ દિયા વિનયભાઈએ 592/600 માર્ક્સ અને 99.99 PR સાથે સુરત જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. શાળાના પરિણામમાં 79 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 111 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે, જ્યારે 50થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં કુલ માર્ક્સ મેળવી વિશિષ્ટ સિદ્ધિ નોંધાવી છે. ટોપ 3માં પટેલ કનિષ્કા મહુલકુમાર (589/600, 99.98 PR) દ્વિતીય અને કાકડિયા ગ્રંથ વિશાલભાઈ (582/600, 99.87 PR) તૃતીય સ્થાને રહ્યા છે.



નેશનલ ટુરિઝમ ડે ગુજરાતમાં વાર્ષિક આશરે ૮ કરોડ પ્રવાસીઓ આવે છે, જેમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન મુખ્ય આકર્ષણ છે

‘ટુરિસ્ટ સ્પોટ’, ગુજરાતની નવી ઓળખ

સાસણગીર ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં સફળ

સુરત : દુનિયાનો કોઇ પણ દેશ હોય કે દેશનું કોઈપણ રાજ્ય ફરવામાં હંમેશા ગુજરાત અગ્રેસર રહ્યું છે. જો કે, છેલ્લા કેટલાંક વર્ષથી પરિસ્થિતિ બદલાઇ છે. હવે હિમાચલ, રાજસ્થાન અને કેરળ ઉપરાંત ગુજરાત પણ વિદેશી પ્રવાસીનું આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. કેટલીક જગ્યાએ તો લાખોમાં નહીં પરંતુ કરોડોની સંખ્યામાં દેશવિદેશના પ્રવાસીઓ આવી રહ્યાં છે.

ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

ગીર રાષ્ટ્રીય ઉદ્યાન (સાસણ-ગીર) એ એશિયાટિક સિંહનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન હોવાથી પ્રવાસીઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર છે. તાજેતરના વર્ષોમાં અહીં આવતા પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. અહીંના સિહદર્શનને યુરોપ અને અમેરિકાના લોકો લાયન શો તરીકે ઓળખે છે. વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજ મુજબ, ગુજરાતમાં વાર્ષિક આશરે ૮ કરોડ પ્રવાસીઓ આવે છે. શિયાળા દરમિયાન (નવેમ્બરથી જાન્યુઆરી) પ્રવાસીઓનો ધસારો સૌથી વધુ હોય છે.

ધોરડો કચ્છ

રણોત્સવનું મુખ્ય કેન્દ્ર ‘ધોરડો’ ગામ છે, જેને UNWTO દ્વારા ‘શ્રેષ્ઠ પર્યટન ગામ’ (Best Tourism Village) તરીકે સન્માનિત કરવામાં આવ્યું છે. અહીં ટેન્ટ સિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. મધ્યમ વર્ગના પરિવારો માટે ૫૪ કરોડના રોકાણ સાથે આશરે ૪૬૦ થી વધુ ટેન્ટ બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪ (૧ જાન્યુઆરી થી ૩૧ ડિસેમ્બર) દરમિયાન અહીં આશરે ૮,૫૫,૫૬૫ પ્રવાસીઓ આવ્યા હતા જ્યારે વર્ષ ૨૦૨૫ (૧ જાન્યુઆરી થી ૩૧ ડિસેમ્બર) દરમિયાન આશરે ૯,૪૧,૬૩૭ પ્રવાસીઓ આવ્યા હતા. કુલ પ્રવાસીઓએ વિઝિટ કરી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી

ઓક્ટોબર 2018 માં લોકાર્પણ થયા પછી અત્યાર સુધીમાં અંદાજે 2.75 કરોડથી વધુ પ્રવાસીઓએ આ સ્થળની મુલાકાત લીધી છે. અહીં સામાન્ય દિવસોમાં અહીં દરરોજ 10,000 થી 15,000 પ્રવાસીઓ આવે છે, જ્યારે દિવાળી કે અન્ય તહેવારોની રજાઓમાં આ આંકડો 50,000 થી 60,000 ને પણ પાર કરી જાય છે. વિ વર્ષ 2024 માં અત્યાર સુધીના સૌથી વધુ એટલે કે 58 લાખથી વધુ પ્રવાસીઓ નોંધાયા હતા, જે દર્શાવે છે કે આ સ્થળ માત્ર રાષ્ટ્રીય જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લોકપ્રિય બની રહ્યું છે.